सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૦૪ | ૦૬ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ: | ૦૪ | ૦૬ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ: | ૧૫ | ૦૭ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

**દેવભૂમિ દ્વારકા જિલ્લાના મહેરબાન અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં , મું.દ્વારકા સમક્ષ.**

**ક્રીમીનલ રીવીઝન અરજી નંબર: ૧૩/૨૦૨૬.**

**અરજદાર** :- કાનાભાઈ લખમણભાઈ ગામી,
ઉ.વ.આ.: ૩૧, ધંધો : મજૂરી,
રહેવાસી : રાવલ, ઠેકાણું : હનુમાન ધાર વિસ્તાર,
સોલંકી ધાર, તાલુકો : કલ્યાણપુર,
જિલ્લો : દેવભૂમિ દ્વારકા.

***//વિરૂધ્ધ//***

**સામાવાળા** :- સરકારશ્રી,

**CR.RIVI. No. 13/2026**

થ્રુ ડી. જી. પી.,

દેવભૂમિ દ્વારકા,

મું. ખંભાળીયા.

*******************************************************

**બાબત: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા –૨૦૨૩ ની કલમ –૪૩૮**

**તળે હુકમની સામે રીવીઝન અરજી.**

*******************************************************

*******************************************************

**એડવોકેટસ એપીચરન્સીશ:–**

અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી આર. બી. આંબલીયા,

શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી એ. એચ. વ્યાસ.

*******************************************************

**–:: આંક–૦૧ અન્વયે હુકમ ::–**

(૧) હાલની રીવીઝન અરજી અરજદાર દ્વારા કલ્યાણપુર પોલીસ સ્ટેશન પાર્ટ– '' સી '' ગુના રજીસ્ટ્રેશન નં.૧૧૧૮૫૦૦૩૨૬૦૨૫૧ / ૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ), (ઈ), ૯૮(૨), ૧૧૬(બી) તથા ૮૧ મુજબના ગુનાના કામે તેઓની માલિકી તથા કબ્જા ભોગવટાની મારૂતી સુઝુકી કંપનીની ઈકો કાર, કે જેનો R.T.O. રજીસ્ટ્રેશન નં. **G J -06- PI - 05394** કે જેનો ચેસીસ નં. **MA3ERLF1S00870057** તથા એન્જીન નં. **G12BN872408** ની પરત મેળવવા માટે દાખલ કરવામાં આવેલ છે. અરજદારે આ અંગે સૌ પ્રથમ એડી. ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કલ્યાણપુર સાહેબની કોર્ટ સમક્ષ સદર મુદ્દામાલ વાહન પરત

મેળવવાની અરજી કરેલી. જે અરજી તા. ૦૩–૦૪–૨૦૨૬ નાં રોજ વિદ્વાન જયુશ્ચલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કલ્યાણપુર સાહેબની કોર્ટનાએ નામંજૂર કરેલી હતી. તે હુકમથી નારાજ થઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ ૪૩૮ મુજબ અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી રીવીઝન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર તરફે તેમના વિદ્વાન વકીલ શ્રીને સાંભળ્યા, તેઓએ તેમની અરજીની હકીકતોને દોહરાવેલ છે અને એવી રજૂઆત કરેલી છે કે, અરજદાર સદર મુદ્દામાલ વાહનના કાયદેસરના માલિક છે. જયુડીશ્ચલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કલ્યાણપુર સાહેબની કોર્ટનો હુકમ ખોટો અને કાયદાની જોગવાઈ વિરૂધ્ધનો હોઈ તથા રેકર્ડ ઉપરની હકીકતોથી વિપરીત હોય રદૃ થવાને પાત્ર છે. મુદ્દામાલ વાહન આર.ટી.ઓ. કચેરીમા અરજદારના નામે નોંધાયેલ છે. વધુમાં સદર મુદ્દામાલ વાહન પોલીસ સ્ટેશનમા ખુલ્લામા પડી રહે તો તેનુ એન્જીન, બોડી, ટાયર, કલર, સ્પેરપાર્ટસ વિગેરેને ઘણી જ નુકશાની જાય તેમ છે. જેથી અરજદારને ઘણુ આર્થીક નુકશાન ભોગવવુ પડે તેમ છે. વધુમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા –૨૦૨૩ ની કલમ– ૪૩૮ ની જોગવાઈઓ ધ્યાને લઈ હાલની રીવીઝન અરજી મંજૂર કરી અરજદારને મુદ્દામાલ વાહન શરતોને આધીન વચગાળાના તબકકે પરત સોંપવા રજૂઆત કરેલી છે.

(૩) સરકારપક્ષે વિ. એ.પી.પી. શ્રી હાજર થઈ જણાવે છે કે, આરોપી વિરૂધ્ધ કલ્યાણપુર પોલીસ સ્ટેશન પાર્ટ– '' સી '' ગુના

રજીસ્ટ્રેશન નં.૧૧૧૮૫૦૦૩૨૬૦૨૫૧ / ૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ), (ઈ), ૯૮(૨), ૧૧૬(બી) તથા ૮૧ મુજબના ગુનાના કામે તેઓની માલિકી તથા કબ્જા ભોગવટાની મારૂતી સુઝુકી કંપનીની ઈકો કાર, કે જેનો R.T.O. રજીસ્ટ્રેશન નં. **G J -06- PI - 05394** કે જેનો ચેસીસ નં. **MA3ERLF1S00870057** તથા એન્જીન નં. **G12BN872408** ની મુદ્દામાલ તરીકે કબજે કરેલ છે. ફરિયાદ જોતા એ બાબત નિર્વિવાદ છે કે, સદર વાહનમા વગર પાસ પરમીટનો જુદી જુદી બ્રાન્ડની ૩૦૨ બોટલોનો પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે. આમ, નવા કાયદાની જોગવાઈ તેમજ ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ ૯૮ મુજબ સીઝ કરેલ મુદ્દામાલ આખરી હુકમ ન થાય, ત્યાં સુધી છોડવુ નહીં તેવી કાયદાની સ્પષ્ટ જોગવાઈ છે. આથી, ત.ક. અમલદારના મુદ્દામાલ પરત ન કરવાના અભિપ્રાયને ધ્યાને લઈ નામદાર જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કલ્યાણપુર સાહેબની કોર્ટે અરજી લગત જે હુકમ કરેલ છે, તે કાયદાની જોગવાઈ મુજબનો છે, આથી તેમાં હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત જણાતુ ન હોવાનું જણાવી અરજદારની રીવીઝન અરજી રદ્દ કરવા અરજ ગુજારેલ છે.

(૪) બંને પક્ષકારો તરફેની રજૂઆત તથા અરજી તથા તે સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ધ્યાને લેવામાં આવ્યા. વિદ્વાન જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કલ્યાણપુર

સાહેબની કોર્ટ દ્ધારા કરવામાં આવેલ હુકમ વંચાણે લેવામાં આવ્યો.

(પ) હાલની રીવીઝન અરજીનો નિર્ણય કરતી વખતે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**::- મુ દ્દા ઓ -::**

(૧) શું વિદ્ધાન જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કલ્યાણપુર સાહેબની કોર્ટદ્ધારા મુદ્દામાલ અરજી નામંજૂર કરતો હુકમ ભુલભરેલો અને કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાતોથી વિરુધ્ધનો છે?

(૨) શું હાલની રીવીઝન કોર્ટે વિદ્ધાન જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કલ્યાણપુર સાહેબની કોર્ટે પસાર કરેલ સદર હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત છે ?

(૩) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે:-

**::- નિ ર્ણ યો -::**

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે:–

**: : કારણો : :**

(૬) નામદાર વિદ્વાન જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કલ્યાણપુર સાહેબની કોર્ટે જે બંને પક્ષકારોની રજૂઆત તથા રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તથા પોલીસ અભિપ્રાય ધ્યાને લઈ તથા પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ), (ઈ), ૯૮(૨), ૧૧૬(બી) તથા ૮૧ વંચાણે લેતાં, અરજદારનુ મુદ્દામાલ વાહન સદર ગુનામા પકડાયેલ હોય તેમજ સદર વાહનમા વગર પાસ પરમીટનો જુદી જુદી બ્રાન્ડની કુલ ૩૦૨ બોટલોનો પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે. જે ધી પ્રોહીબીશન એકટની કલમ – ૯૮(૨)મા કરેલ જોગવાઈ મુજબ જયારે જપ્ત થયેલ દારૂનો જથ્થો નિયમોથી ઠરાવવામા આવે તેનાથી વધુ હોય, ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુકત કરી શકાય નહી તેવું અવલોકન કરી નામદાર વિદ્વાન જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કલ્યાણપુર સાહેબ ની કોર્ટે અરજી રદ્દ કરેલ છે.

(૭) આમ, બંને પક્ષકારોની રજૂઆત, તથા રજૂ થયેલ પેપર્સ ધ્યાને લેતા સદર કામની ફરિયાદની હકીકત મુજબ કઠલાલ પોલીસ સ્ટેશન દ્વારા આરોપી દ્વારા સદર મુદ્દામાલ વાહનમા દારૂની હેરાફેરી કરતા હોવાનું મળી આવતાં સદર ગાડી મુદ્દામાલ

તરીકે કબ્જે કરેલ છે. વધુમાં પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ), (ઈ), ૯૮(૨), ૧૧૬(બી) તથા ૮૧ ની ફરિયાદ દાખલ થયેલ ત્યાર બાદ અરજદાર દ્વારા નામદાર ટ્રાયલ કોર્ટમા મુદ્દામાલ વાહન પરત મેળવવા અરજી કરતા તપાસ અધિકારીના વાંધા તેમજ મુદ્દામાલમા દારૂના જથ્થાની હેરાફેરીને ધ્યાને લઈ, વિદ્વાન જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કલ્યાણપુર સાહેબની કોર્ટે અરજદારની મુદ્દામાલ પરત મેળવવાની અરજી નામંજૂર રાખતા હાલની રીવીઝન અરજી દાખલ કરવામા આવેલ છે. સદર કામે **Gujarat Prohibition (Liquor Samples and Determination of Quantity Seized Liquor) Rules,2012** ના કાયદાની કલમ-૯૮(૨) તથા સાથે વાંચતા રૂલ-૯ મુજબ જપ્ત કરેલ મુદ્દામાલમાં લીટરની કોન્ટીટી ૨૦ લીટર કરતા વધારે હોય, તો જપ્ત કરેલ મુદ્દામાલ આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી પરત સોંપવો નહીં તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. સદર ગુનાની ફરિયાદ વંચાણે લેતાં તે કામે સદર વાહનમા વગર પાસ પરમીટનો જુદી જુદી બ્રાન્ડની કુલ ૩૦૨ બોટલોનો પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે. આમ પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ કુલ જથ્થો ૨૦ લીટર કરતા વધુ થાય છે. તેમજ સદર ગુનો ગુજરાત પ્રોહિબીશન એમેન્ડમેન્ટ એકટ-૨૦૧૬ લાગુ પાડયા બાદનો છે અને સદર મુદ્દામાલની કોન્ટીટી ૨૦ લીટર કરતા વધુ હોઈ જે હકીકત ધ્યાને લેતાં મહેરબાન જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,કલ્યાણપુર સાહેબની કોર્ટે સદર કાયદાના રૂલ-૯ તેમજ કલમ-૯૮(૨) મુજબ સીઝ કરેલ મુદ્દામાલની કોન્ટીટીને ધ્યાને લઈ જે હુકમ કરેલ છે તે હુકમમાં રીવીઝનલ પાવર્સનો ઉપયોગ કરી હસ્તક્ષેપ કરવો ન્યાયોચીત જણાતુ ના હોઈ

મુદ્દા નં. ૦૧ તથા ૦૨નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૦૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::- હુ ક મ -::**

- અરજદારની હાલની ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ ૪૩૮ હેઠળ ફોજદારી રીવીઝન અરજી નં. ૧૩/૨૦૨૬ આથી '' **નામંજૂર''** યાને '' **રદ્દ** '' કરવામાં આવે છે.
- આ હુકમની નકલ સંબંધિત અદાલતમાં યોગ્ય તે ઘટતી કાર્યવાહી સારૂ મોકલી આપવી.

હુકમ આજરોજ તા. ૧૫ મી, માહે જુલાઈ, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી, જાહેર કર્યો.

તા. ૧૫-૦૭-૨૦૨૬,
સ્થળ:દ્વારકા.

# H.N.T.

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
દ્વારકા (દેવભૂમિ દ્વારકા)
(જીજે૦૦૫૩૨)